


ડૉ. મનુ જપી

જીવનમૃત્યુનો સવાલ
ઉપસ્થિત થાય
એવો અવરોધ
ના ઊભું કરતું હોય,
એવી
કોઈ પરિસ્થિતિમાં
ઑપરેશન કરવાની
ઈમરજન્સી
હોતી જ નથી.
તમારા શરીરને
શાંત મને પૂછશો
તો એ તમને
અવશ્ય જણાવશે
- શું કરવું તે...

# વિસર્જનિકા
# MENOPAUSE

ડૉ. મનુ જપી





ગુજરાતી વાંચનના પ્રણેતા

મણી મેન્શન, વિલ્સન સ્ટ્રીટ,
વી.પી.રોડ, મુંબઈ-૪.
ફોન: ૨૩૮૮ ૮૩ ૪૩ / ૯૮૨૦૩ ૭૯૯૯૭

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સીઝેરીયનની લાગોપાટ | ૧ |
| ૨. | પ્રોગ્નોસીસ V/s. ડાયગ્નોસીસ | ૫ |
| ૩. | જોખમ કેટલું? | ૭ |
| ૪. | બીમારીઓથી નહીં,<br>બીમારીઓના ઈલાજ કરવાવાળાથી બ્હીઓ | ૧૧ |
| ૫. | 'ફુગ્ગા આખિર ફુટ હી ગયા' | ૧૩ |
| ૬. | બે બાજુ ઢોલકી- બજાઓ બજાઓ | ૧૫ |
| ૭. | ટી.સી.આર.ઈ.ની ટીસીયારી | ૧૭ |
| ૮. | ખરાબ ખબરેં કુછ ઔર ભી હૈ | ૧૮ |
| ૯. | એમને ખબર છે, તમને ખબર છે? | ૨૦ |
| ૧૦. | HRT કૌભાંડ-૧ | ૨૨ |
| ૧૧. | HRT કૌભાંડ-૨ | ૨૪ |
| ૧૨. | હું રસ્તે રઝળતી વારતા... | ૨૭ |
| ૧૩. | અને ફરી મળીએ તે પહેલાં | ૩૦ |
| ૧૪. | ડૉ. મનુ જપી લિખિત પુસ્તકોની સૂચિ | ૩૧ |


# સીઝેરીયનની લાગોપાટ

'સીઝેરીયનનું સીઝેરીયન' પુસ્તિકાનું લખાણ લખતાં લખતાં જ લગભગ 'વિસર્જનિકા'ના લખાણની પૂર્વભૂમિકા બંધાતી જતી હતી.

કારણ?

કારણ આજની તારીખમાં જેટલાં સીઝેરીયન થાય છે એના કરતાં બમણાં કહી શકો તો પણ જરાય અતિશયોક્તિ ન ગણાય એટલા પ્રમાણમાં ગર્ભાશયનાં ઑપરેશનો, બેધડક, બેફામ, બેરોકટોક, બેવજહ, બેબુનિયાદ અને બેશરમ રીતે થઈ રહ્યાં છે.

એકલા અમેરિકામાં સાઠ વર્ષની ઉંમરની દર ત્રણ સ્ત્રીઓમાંની એકનું ગર્ભાશય કઢાવેલું હોય છે. (બાકીની બીજી બે સ્ત્રીઓમાંની એક કાં તો પોતે જ લેડી ડૉક્ટર હોય છે અથવા/અને કોઈ ગાયનેકોલૉજીસ્ટ ડૉક્ટરની મા-બહેન કે પત્ની હોય છે. ખુજલી હોય તો ખાતરી કરી લેજો.) બ્રિટન જેવા દેશમાં આ સરેરાશનું પ્રમાણ સાઠથી ઉપરની વયની સ્ત્રીઓમાં દર પાંચમાંની એક સ્ત્રીનું ગર્ભાશય કાઢી નખાયું હોય છે અને એ સહી જગ્યાએ (?) પહોંચી ગયું હોય છે- કૌસમાં વાંચતા આવડતું હોય તો વાંચો (વેચાઈ ગયું હોય છે) આટલુંય ઓછું પડતું હોય તેમ.

HOSPITAL EPISODES STATISTICS 1993-94માં જણાવ્યા પ્રમાણે

***Quote:***

Hysterectomy outranks all others when it comes to the most UNNECESSARY of surgical procedures. Three quarters of all Hysterectomies

are performed on women under 50 for highly DUBIOUS REASONS. Although the only viable reasons for performing a hysterectomy are uterine or endometrial cancer or - uncontrollable bleeding after childbirth, yet these account for only about TEN PERCENT of all procedures performed.

ભાવાનુવાદ:

સાવ બિનજરૂરી, વિનાકારણ કરવામાં આવતાં બીજાં બધાં જ ઓપરેશનોની સરખામણીમાં હિસ્ટેરેક્ટોમી ઓપરેશનોની સંખ્યા વધુમાં વધુ હોય છે.

વળી જેટલી આવી બિનજરૂરી હિસ્ટેરેક્ટોમી કરવામાં આવે છે એમાંની પોણા ભાગની સ્ત્રીઓની ઉંમર પચાસ વર્ષની અંદરની હોય છે અને આવાં ઓપરેશનો કરવાનાં જેટલાં કારણો બતાવવામાં આવે છે તે સાવ બોગસ (DUBIOUS) જુઠાણાંથી ભરેલાં, શંકાથી ખદબદતાં અને બિવડાવીને કરવામાં આવેલાં હોય છે.

મેડિકલ શાસ્ત્રના નીતિ /નિયમો અને અભ્યાસના આધારે પચાસ વર્ષની અંદરની વયની સ્ત્રીનું ગર્ભાશય આખે આખું કાઢવાનાં સાચાં કારણો ફક્ત બે જ હોવાં જોઈએ.

૧. ગર્ભાશયનું કે ગર્ભાશયની અંદરની ત્વચા (endometrium)નું કેન્સર.

૨. પ્રસુતિ પશ્ચાત્, અન્ય કોઈ રીતે રક્તસ્રાવ થતો રોકી ન શકાતો હોય તેવા સંજોગોમાં.



આમ છતાં જેટલાં હિસ્ટેરેક્ટોમી ઓપરેશનોનાં (૫૦ની અંદરની વયની સ્ત્રીઓનાં) કરવામાં આવે છે એમાંના ફક્ત દસ ટકા જ સ્ત્રીઓને ઉપર જણાવેલાં બે કારણો લાગુ પડતાં હોય છે. કૌસમાં વાંચતા આવડે છે? (બાકીના નેવું ટકા ઓપરેશનો ફક્ત ધંધા કરવા માટે કરવામાં આવે છે.)

આવો, આવાં બોગસ નેવું ટકા ઑપરેશનો કરવા માટે જે કારણો આપવામાં આવે છે એના પર પણ એક નજર કરી જ લઈએ.

(૧) ફાયબ્રોઈડ્ઝ,

(૨) એન્ડોમેટ્રીઓસીસ,

(૩) બ્લેડર પ્રોલેપ્સ,

(૪) ટીપ્ડ વોમ્બ્સ,

(૫) ભારે માસિકસ્રાવ,

(૬) અનિયમિત માસિક.

ઉપર જણાવેલાં બધાં જ કારણોની સામે પચાસ ફૂટ ઊંચું પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી શકાય એમ છે, પરંતુ આવાં સાવ મનઘડંત કારણોમાં પણ પહેલો નંબર ઝટકી જાય એવું એક કારણ આપવામાં આવે છે. એનું મેડિકલ નામ (?) છે PELVIC CONGESTION.

આવાં મેડિકલ શાસ્ત્રના પવિત્ર નીતિ નિયમોનાં બંધનોને નેવે મૂકી કરવામાં આવતાં ઑપરેશનો કેટલાં અર્થહિન, બોગસ અને શંકાસ્પદ હોય છે એ વાત એ હકીકતથી પુરવાર થાય છે કે:

'આવાં ઑપરેશનો જુદા જુદા એરિયામાં જુદા જુદા ડૉક્ટરો દ્વારા જુદી જુદી રીતે કરવામાં આવતાં હોય છે. અને... અને આવા એરિયામાં મુખ્યત્વે

અભણ, ગરીબ, નિસહાય, ભોળી-ભીરૂ અમેરિકાની નીગ્રો સ્ત્રીઓ અને/ અથવા મધ્યમ કે નીચલા વર્ગની સ્ત્રીઓનું પ્રમાણ વધારે હોય છે. કૌંસમાં વાંચો (એમને સહેલાઈથી બિવડાવી શકાય છે.)

**Ref :**

Obst. & Gynaec 1993; 82; 757-64

THE HYSTERECTOMY HOAX (NEW YORK DOUBLE DAY 1994)

***Quote:***

Many women do not realise that a caesarean section is a Major Abdominal Surgery fraught with potential complication such as bleeding and infections.

**Ref:** Women's bodies women's wisdom by Christiane Northrup M.D. (p.473)

*ભાવાનુવાદ:*

*૧૯૯૩માં અમેરિકામાં સીઝેરીયન ડિલીવરીનું પ્રમાણ ૨૨.૮ ટકા હતું (દસ વરસમાં એ પ્રમાણ દસ ઘણું વધી ગયું હશે.) અમેરિકન કોલેજ ઓફ ઓબસ્ટે એન્ડ ગાયનેકના સ્પેશીયાલીસ્ટોના મત પ્રમાણે આમાંના મોટા ભાગના ઓપરેશનો બિનજરૂરી હતાં.*



# પ્રોગ્નોસીસ V/s ડાયાગ્નોસીસ

## PROGNOSIS V/s DIAGNOSIS

આખું મેડિકલ શાસ્ત્ર બિનધાસ્ત, બેરોકટોક બેશરમ અને બેરહમ રીતે અગર જો લાખ્ખો, કરોડો, અબજો રૂપિયાનાં બિનજરૂરી ઓપરેશનો કરી અને પાછું સરેઆમ છૂટી જતું હોય (Get away with it) તો એના પાછળનું કારણ એક જ:

PROGNOSIS V/s DIAGNOSIS

ડાયાગ્નોસીસ એટલે રોગનું સહી નિદાન.

પ્રોગ્નોસીસ એટલે 'જો અને તો' 'તેર મણનો તો' અર્થાત્

'વેક્સીનો નહીં આપો તો તમારાં છોકરાં મરી જશે'

'આયોડિનવાળું મીઠું નહીં ખાઓ તો બચ્ચા કમજોર પેદા હોગા...'

'ગર્ભાશય નહીં કઢાવો તો ઓવેરિયન કેન્સર થશે..

વિ.વિ.વિ.વિ.વિ.વિ.વિ.વિ.વિ.વિ....

'અમે ઓવેરિયન કેન્સર થતું, અટકાવવા માટે આખું ગર્ભાશય કાઢી નાંખીએ છીએ' એવા વાહિયાત પ્રોગ્નોસીસ કરનારાઓના વાહિયાત દાવાઓના પર્દાફાશ કરતું ઈમાનદાર વ્યવસાયને વફાદાર મેડિકલ શાસ્ત્ર શું કહે છે? આવો એ પણ જાણી જ લઈએ.

***Quote:***

Hysterectomy is often used to 'PREVENT' ovarian Cancer in women, who have had uterine cancer, eventhough only 2 in every 1000 women

who've had hysterectomy will go on to develop ovarian cancer

Ref. FERTILITY & STERILITY 1984; 42: 510-14.

*ભાવાનુવાદ:*

*એક હજાર આવાં ગર્ભાશયનાં ઓપરેશનો કરેલી મહિલાઓમાં ફક્ત બે-ગણેલી બે ને આવું ઓવરિયન કેન્સર થવાની શક્યતાઓ હોઈ શકે છે. આ વિધાનના સમર્થનમાં બીજું એક પ્રતિષ્ઠિત મેડિકલ જર્નલ જણાવે છે કે:*

***Quote:***

and the disease itself (ovarian cancer) is very rare, there are only 200 cases in the U.K. per year. Besides just in case removal of ovaries hysterectomy for other sorts of cancer prevention is equally unjustified. Less than two of every 1000 fibroids and less than 3 percent of abnormal endometrial cells, will progress to cancer.

**Ref. :** (1) New England Journal of Medicine 1993:328:-856-60

2 CANCER 1985;56:403-12

> *'ઈશ્વર છે' એમ કહેવાવાળો ઈશ્વરને ઓળખતો નથી. જે ઈશ્વરને ઓળખે છે, એને 'ઈશ્વર છે' એમ કહેવાની જરૂરત જ પડતી નથી.*



## જોખમ કેટલું?
## RISK FACTOR

અગાઉ જણાવ્યું તેમ શરીરનો કોઈપણ અવયવ કાઢીને ફેંકી દેવા છતાં દર્દી મરી જતો નથી, એટલે જ વધુ ને વધુ ખોટાં ઓપરેશનોના તાકડધિન્ના થાય છે. એ નિયમાનુસાર હિસ્ટેરેકટોમિના ઓપરેશન દરમિયાન કે તુરંત પશ્ચાત દર્દીના મૃત્યુના સંજોગોનું પ્રમાણ દર એક હજારે ફક્ત એક જેટલું જ હોય છે.

પરંતુ પેલું જાગૃત ઈમાનદાર મેડિકલ સાયન્સ એ કબૂલ કરે છે કે આ નિયમ ફક્ત પચાસની વયની અંદરની સ્ત્રીઓને લાગુ પડે છે.

<u>હિસ્ટેરેકટોમિના ઓપરેશનોમાં દર્દીની વય જેટલી વધુ મોટી એટલા એના ઓપરેશન દરમિયાન કે તુરંત પશ્ચાત મરવાના સંજોગો વધુ ઉજ્જવળ.</u>

સાચું પૂછો એ અભાગણીઓને જેઓ એમનાં ગર્ભાશય આખાં કઢાવ્યા પછી હજુ જીવી રહી છે, એ કહેશે તમને કે ગર્ભાશય આખું કાઢીને ફેંકી દીધા પછી (કે વેચી દીધા પછી) જે સ્ત્રીઓ મરીં ગઈ છે એ તો વધુ ભાગ્યશાળી છે, સૉરી હતી. કારણ જે હજુ પણ મરી નથી એમની તકલીફોના શ્રી ગણેશ તો એ જ્યારે હૉસ્પિટલમાંથી ઓપરેશન કરી ઘેર આવી ત્યારથી જ મંડાઈ ગયા હતા અને એમાં ઉત્તરોત્તર વધારો જ થતો હતો.

અરે! કેટલાય કેસોમાં તો ઓપરેશનની કાપકુપ દરમિયાન પેટના અન્ય અગત્યનાં નાજુક અવયવોને ગ્રંથિઓને, કરોડરજ્જુને, લીવર, ડાયાફ્રામ કે હૃદય સુધ્ધાંને એવાં ઝખમ થાય છે કે ઓપરેશન પછીની દર્દની જિંદગી

એક ભયાનક યાતનાઓનો ભંડાર બની જાય છે.

એક અછડતા અંદાજ મુજબ હિસ્ટેરેકટોમિ કરાવેલી દર એકસો સ્ત્રીઓમાંની ચાલીસ સ્ત્રીઓને આ વાત લાગુ પડે છે.

**Ref** : American Journal of Obst. & Gynaec. 1982;144:841-8

વિવિધ પ્રખ્યાત મેડિકલ જર્નલોમાંથી વીણીને લીધેલા થોડાક નમૂના

<u>હિસ્ટેરેકોટમિનાં પોસ્ટ ઓપરેટીવ કોમ્પ્લીકેશન્સ.</u>

૧. સમગ્ર પાચનક્રિયાનું ખોરવાઈ જવું, જાતજાતની તકલીફો સતત રહ્યા કરવી. જઠર, લીવર, આંતરડાંની રંગબેરંગી બીમારીઓ.

**Ref :** THE PULSE Aug:14, 1993

૨. પેશાબ સમુળગો બંધ થઈ જવો, કિડની ડેમેજ થવું, પેશાબ પર કોઈ નિયંત્રણ ન રહે. ગમે ત્યારે પથારી કે કપડામાં પણ થઈ જાય.

૩. જાતીય જીવન SEX LIFE ખાડામાં પડે (એના પરિણામે સુખી કૌટુંબિક વૈવાહિક જીવન રગદોળાઈ જાય)

૪. મેનોપોઝ આવી ગયા પછી જે સ્ત્રીઓનાં ગર્ભાશય કાઢી નાંખ્યા હોય તેવી સ્ત્રીઓને RISK OF FATAL BLOOD CLOT, અર્થાત્ લોહી એવું ગંઠાઈ જાય કે મૃત્યુ પણ થઈ શકે.

**Ref:** BRITISH JOURNAL OF UROLOGY 1989;64;594-9

૫. (કોઈપણ વયની) ગર્ભાશય કાઢી નખાવેલી સ્ત્રીઓમાંની ત્રીજા ભાગની (૧/૩) માંડી અડધો અડધ (૧/૨) સ્ત્રીઓની સંખ્યા એવી છે કે જેઓએ પોતાનું સક્રિય જાતીયજીવન ACTIVE SEX LIFE ગુમાવી



દીધું છે, માનસિક તનાવ અને હતાશા અનુભવે છે. (એના પાછા ઈલાજો થાય છે)

**Ref:** American Journal of Obst. & gynaec. 1981:140;725-9.

૬. મેનોપોઝ પહેલાં જ ગર્ભાશય ઑવરીઝની સાથે કાઢી નાખવામાં આવે તો સ્ત્રીને મેનોપોઝ પશ્ચાત ઊભી થતી બધી જ તકલીફોમાં અણધાર્યો ઉછાળો આવે-તકલીફોના ગુણાકાર થાય.

**Ref:** American Journal of Obst. & gynaec. 1993;168:765-71

૭. જેમના ફક્ત ગર્ભાશય કાઢયાં હોય અને ઓવરી રાખી મૂકી હોય તેવી સ્ત્રીઓને ઓવરીઝ એના સમય પહેલાં (PREMATURE) એનું કાર્ય કરવાનું બંધ કરી દે, ચીમળાઈ જાય, મુરઝાઈ જાય અને સાવ કુદરતી રીતે આવનારા મેનોપોઝમાં વિકૃતિઓ અને મુસીબતો આવે.

**Ref:** FERTILITY & STERILITY 1987;47:94-100

પેલા ઈમાનદાર અને વ્યવસાયને વફાદાર બંદાઓનું કહેવું છે :

***Quote:***

Other than the TRUE INDICATIONS of HYSTERECTOMY, virtually every other indication for Hysterectomy CAN BE TREATED WITH (1) CONSERVATIVE SURGERY (2) MEDICATION (3) DIET (4) NUTRITIONAL SUPPLEMENTS, (5) ALTERNATIVE MEDICINES OR in the Case of FIBROIDS, waiting until the woman reaches

menopause when the uterus and the fibroid itseif will SHRINK

**Ref:** W.D.D.T.Y 1996:7(1):3

આપણે અગાઉ જણાવ્યું તેમ નેવું ટકા હિસ્ટેરેકટોમિનાં બિનજરૂરી ઑપરેશનોના કેસોમાં થોડી દર્દી પ્રત્યે સહાનુભૂતિ, એનો ભય હળવો કરે તેવી સમજાવટ, ફક્ત રાહત આપે તેવી જરૂર પૂરતી દવાઓ, ખોરાકમાં થોડાક સૌમ્ય ફેરફારો અને પચાસ વર્ષો પૂર્વે જેમ ખરેખર જરૂરી લાગે તોજ, શરીરના ભિતરનાં અન્ય કોઈ અવયવો ડેમેજ ન થાય એવી સમજપૂર્વકની કાપકૂપ (CONSERVATIVE SURGERY) થોડીક પ્લાસેબો (PLACEBO) આપી, દર્દીને માનસિક રાહત આપી શકાય છે.

અને..?

અને ગર્ભાશયમાં ખરેખરી ફાઈબ્રોઈડની ગાંઠ હોય ત્યાં પણ જરાય ઉતાવળ કર્યા વિના (ગભરાવ્યા વિના, તમાશા, ભવાડા કર્યા વિના) સ્ત્રી મેનોપૉઝમાં ન આવે ત્યાં સુધી ધીરજ રાખી મેનોપૉઝ પછી, જ્યારે ગર્ભાશય અન ફાઈબ્રોઈડ આપમેળે સંકોચાઈ ગયાં હોય, કરમાઈ ગયાં હોય (SHRINK) સહેલાઈથી કાઢવામાં સરળતા પડે તેવા થઈ ગયાં હોય, ત્યારે કાઢવાં.

પરંતુ આપણે બધાં જ જાણીએ છીએ કે આટલી બધી ધીરજ રાખવામાં એમનો ગરાસ લૂંટાઈ જાય છે.

ઈતિ સિધ્ધમ્



## બીમારીઓથી નહીં, બીમારીઓના ઈલાજ કરવાવાળાથી બ્હીઓ

એક ટુથ પેસ્ટવાળાનું ડીંડવાણું જોરમાં ચાલે એટલામાં ચોરનો ભાઈ ઘંટીચોર બીજી પેસ્ટવાળો એનાથી મોટું ડીંડવાણું લઈને આવે. એટલે પહેલાવાળાના પ્રચારોના ફુગાવેલા ફુગ્ગાની હવા ફુઉઉસ કરતી નીકળી જાય તેમ, પબ્લિકને જેવી જાણ થાય કે ગર્ભાશય કાઢી નાખવાથી ફક્ત બરબાદી, બરબાદી, બરબાદી ને બરબાદી જ થતી જાય છે એને પરિણામે પેલા પેટચીર નિષ્ણાતોના ધંધામાં મંદી આવે છે એટલે...

એટલે થોડાક ઘંટીચોરોનાં ભોડાં ભેગાં મળી એક બ્રાન્ડ ન્યુ ડીંડવાણું ઊભું કરે છે અને પેલા પ્રચારોના ઢોલ પડઘમ, બાજાં પીપુડાં અને અલબત્તા પ્રચારોના પરપોટા ફુગાવવાના શરૂ થઈ જાય છે.

૧૯૯૧ના મે મહિનામાં આવા નવરા નખ્ખોદિયાઓએ એક નવી નક્કોર શોધ કરી નાંખી અને ભલી ભોળી આખા ગર્ભાશય કાઢવાની આનાકાની કરતી અબળાઓના માથે ઠોકી બેસાડી.

મેડિકલ શાસ્ત્રમાં જેટલા રોગો અને સારવાર પદ્ધતિઓનાં નામ અટપટાં હોય, જીભના લોચા વળી જાય તેવા અવળચંડા હોય, તેમ એના પૈસા વધુ ને વધુ પડાવવાનું ખુલ્લંખુલ્લું લાયસન્સ મળી જાય એ પહેલો નિયમ.

આ લોચાળ ઑપરેશન પ્રથાવાળી પદ્ધતિનું નામ આપવામાં આવ્યું TRANSCERVICAL RESECTION OF THE WOMB (TCRE)

અર્થાત્

REMOVAL OF THE LINING OF THE WOMB FOR WOMAN WITH ABNORMALLY HEAVY PERIODS

ઢોલ નગારાં બાજાં પીપુડાં, ભૂંગળો અને ચીસો પાડી પાડીને દુનિયાભરની મેડિકલ કોન્ફરન્સોમાં, મેડિકલ જર્નલોમાં, ગલી ગલી શહર શહર એક હી નારા લગાયા ગયા.

'અરે સાંભળો! દુનિયાભરની દુખિયારી મહિલાઓ, કાન ખોલીને સાંભળો, અમને તમારા પર દયા આવે છે એટલે કરોડો રૂપિયાના ખર્ચા કરી, લાખ્ખો નિર્દોષ મુંગાં પ્રાણીઓ પર પ્રયોગો કરી અમે હવે એવા નિર્ણય પર આવ્યા છીએ કે તમારી તકલીફોમાં આખે આખું ગર્ભાશય કાઢીને ફેંકી દેવાની કોઈ જ જરૂરત નથી.'

'અમે ફક્ત તમારા માંસલ ગર્ભાશયની અંદરની ત્વચા એન્ડોમેટ્રિયમ (Endometrium)ને છોલી ઉતરડીને ઘસડીને ઊખેડી કાઢશું.'

'ન રહે બાંસ ન બજે બાંસુરી'

'સાલ્લું ગર્ભાશય એના મનમાં સમજે છે શું, હેં??'

'અરે અમે બધા બેઠા છીએ ને? તમ્મે બિચ્ચારી મહિલાઓ, આમેય આખી જિંદગી માસિક ધર્મમાં બેસી બેસી ઓછાં હેરાન થયાં છો કે અમે તમને ગર્ભાશય કાઢીને ફેંકી દઈ વધારે હેરાન કરીએ? NO WAY! આખરે અમારું મેડિકલ શાસ્ત્ર તમારા ભલા માટે તો રાત દિવસ મથી રહ્યું છે એટલે?'

'જલદી કરો, આજ હી આઈયે, હમ વાદા કરતેં હૈ! અરે આપ કી કુંડળી બદલ જાયેગી!! TCRE કરાઈયે - આરામ ફરમાઈયે.'



## 'ફુગ્ગા આખિર ફુટ હી ગયા'

આકડે મધ વળગ્યું હોય, એમ આખી દુનિયાના ગાયનેકોલૉજીસ્ટો એમના પેશન્ટોને પટાવી પટાવીને કહેવા લાગ્યા:

'અમારી પાસે આવો અમે તમારું ગર્ભાશય અખંડ અકબંધ અને સલામત રાખીશું. અરે એમાં એક નાનું કાણુંય નહીં પાડીયે.'

'શું કરીશું? એમ પૂછો છો?'

'અમે ફક્ત ગર્ભાશયની દીવાલો સાથે કુદરતે ઠાંસી ઠાંસીને ભરેલો માંસલ ભાગ, જેણે તમને શુન્યમાંથી સર્જન કરવામાં આખી જિંદગી મદદ કરી એવું તમારું ભરાવદાર એન્ડોમેટ્રીયમ આખે આખું છોલીને ઉતરડી નાખીશું. કોઈ કાપકૂપ નહીં, ખર્ચ પણ વ્યાજબી (?) વધુ દિવસ હૉસ્પિટલમાં રહેવાની જરૂર નહીં, આઈયે, ચલે આઈયે..'

તમારામાં આગળ વાંચવાની કદાચ તાકાત હશે, મારામાં લખવાની ખૂટી ગઈ છે એટલે આટલેથી બસ કરીએ.

<u>અને આ જ કાદવ કીચડમાં જ ઉગેલા અને હજુ પણ ના ખરડાયેલા કમલ જેવા થોડાક ઈમાનદાર અને વ્યવસાયને વફાદાર ડૉક્ટરોની- ઈન્સાનોની વાત સાંભળીએ.</u>

એક સર્વેક્ષણમાં જણાયું કે :

TCRE કરાવેલી સ્ત્રીઓને ઑપરેશન પછીના બેથી અઢી વર્ષ ફક્ત એમના માસિકસ્ત્રાવમાં થોડી રાહત રહી, પરંતુ પરંતુ પરંતુ પરંતુ????

જાતજાતની અને ભાતભાતની ખતરે કી ઘંટીયાં બજને લગી.

૧. ૨૩૪ TCRE કરાવેલી સ્ત્રીઓમાંથી ૪૨ સ્ત્રીઓને એમનું માસિક

આવવાનું સમય પહેલાં જ સમૂળગું બંધ થઈ ગયું.

૨. ૨૩૪માંની ૧૬ સ્ત્રીઓને TCRE ફરી વાર કરવું પડ્યું (કેમ? પૂછવાની મનાઈ છે - બાયપાસ બીજીવાર ત્રીજીવાર થાય તો અમે શું ગુન્હો કર્યો છે?)

૩. બે સ્ત્રીઓને માસિકસ્ત્રાવ વેળાએ સખત પીડા થવા લાગી.

૪. દસ સ્ત્રીઓને તો ઈમરજન્સીમાં આખું ગર્ભાશય કાઢી નાખવું પડ્યું એવી તકલીફ ઊભી થઈ.

છાતી પર મણનો પથ્થર રાખી યે ભી સુન હી લ્યો!

૫. ૨૩૪માંની મોટા ભાગની સ્ત્રીઓના ગર્ભાશય છોલાઈ છોલાઈને એવાં સંકોચાઈ ગયાં હતાં, ચીમળાઈ ગયાં હતાં અને એ ગર્ભાશયોમાં ફાઈબ્રોઈડસના ગાંઠાઓ પેદા થયેલા જોવામાં આવતા હતા, જે આ પહેલા ત્યાં હતાં જ નહીં.

**Ref:** THE LANCET 1991;337;1074-8

> The Night Dream Speak,
> Wild woman's Language,
> She is there Broadcasting.
> All We have to do is take dictation.
> - *Chrissa Pinkola Estes, W.B.W.W.*



## બે બાજુ ઢોલકી - બજાઓ બજાઓ

'કમ દામ બઢિયા કામ' વાળા TCREના તમાશામાં કેટલાય ડૉક્ટરોને કેટલીય સાજી, સારી, તંદુરસ્ત ભલી ભોળી સ્ત્રીઓનાં મન, ધન અને તન પાયમાલ કરવામાં સીધી રીતે સાથ આપનારા મેડિકલ જર્નલોએ, બેસુરી ઢોલકીની બીજી બાજુ પર થપાટો મારવા માંડી.

મેડિકલ જર્નલોની ખાસ નિમેલી ટીમોએ એમની પોતાની રીતે સર્વેક્ષણો કરાવ્યાં, એનાં પરિણામો ચેતવણી સ્વરૂપે એમના જર્નલોમાં છાપવામાં આવ્યાં.

અહીં જરા થોભીને ઊંડો શ્વાસ લઈને એક વાત જાણી લઈએ કે આવાં તારણો અને ચેતવણીઓ ફક્ત મેડિકલ જર્નલોમાં જ છાપવામાં આવે છે જે ફક્ત ડૉક્ટરોજ વાંચે છે, વળી એની ભાષા પણ મેડિકલ અને અટપટી હોય છે એટલે સામાન્ય માણસ વાંચે તો પણ સમજતો નથી.

પરિણામે તેરી બી ચૂપ મેરી બી ચૂપ અને વાડી રે વાડી, બોલ દલા તરવાડી? રીંગણાં લઉં બે ચાર? બે ચાર શું કામ, ભાઈ લઈ લેને દસબાર...

- એવા ખેલ ખેલૈયાના થોડાક નમૂના:

૧. TCRE કરાવેલી પાંચ સ્ત્રીઓનાં મૃત્યુ થયાં છે.

૨. TCRE કરાવેલી એક સ્ત્રીનો પગ જુઠો પડી જવાથી કપાવવો પડ્યો છે.

૩. TCRE કરાવેલી એક સ્ત્રીના એઓર્ટા (AORTA) હૃદયની નીચેની મોટી ધમનીમાં કાણું પડી ગયું છે.

૪. એન્ડોમેટ્રીયમ છોલતાં છોલતાં ગર્ભાશય ચીરાઈ જવાના કેસો ઘણા પ્રમાણમાં બન્યા હોવાનું જાણમાં આવ્યું છે.

૫. હવે જરા ધ્યાન સે પઢો

***Quote:***

Endometrial resection can stimulate a particular nerve causing violent closing of the patient's thighs, and thus causing the surgeon to MISS and PERFORATE THE WOMB'

**Ref:** THE LANCET 1991;338;197-8

*ભાવાનુવાદ:*

*ગર્ભાશયની આંતરિક ત્વચાને છોલવાની ક્રિયાની શરૂઆત થતાં જ સ્ત્રીની એક ખાસ સંવેદનશીલ નર્વ્ઝ NERVES; જ્ઞાનતંતુ છંછેડાય છે. પરિણામે ચાલુ ઓપરેશને સ્ત્રી પોતાના બે પગની જાંગોની આંટી મારી ચૂસ્ત રીતે ભીડી દે છે. આ અણધારી પરિસ્થિતિને કારણે ડોક્ટરનો હાથ હલી જવાથી, અસ્થિર થઈ જવાથી ગર્ભાશય ચીરાઈ જાય છે કે મોટું કાણું પડી જાય છે.*

આવી રીતે ચિરાયેલા એક ગર્ભાશયવાળી સ્ત્રી મરતાં મરતાં તો બચી ગઈ, પરંતુ એ પછીની જિંદગીમાં અનેક તકલીફો લઈને જીવે છે.

સર્વેક્ષણનું સમાપન કરતાં આ મહાનુભાવો કહે છે કે:

'જે આખું ગર્ભાશય ન કાઢવું પડે એ માટે શોધવામાં આવ્યું છે, એવું આ TCRE કરાવેલી દર વીસ સ્ત્રીઓમાંની એકને ગર્ભાશય આખું કાઢવું પડે છે. હિસ્ટેરેકટોમિ કરવી પડે છે.

ઈતિથી T C R E પુરાણે



# ટી.સી.આર.ઈ.ની ટીસીચારી

એન્જીઓપ્લાસ્ટીનો ફુગ્ગો ફુલાવ્યો, ત્યારે બધાંને એમ હતું કે બાયપાસ કરાવવાળા ઓછા થઈ જશે.

બધાંને ખબર છે, કે બન્નેના ધંધા ધમધોકાર ચાલે છે, એક ટુથપેસ્ટ નવી આવે ત્યારે જૂની વેચાતી બંધ નથી થતી, કેમ? અરે યાર દુનિયા ઝૂકતી હૈ – ઝુકનેવાલે સાલે મિલ હી જાતે હૈ... અરે ઢુંઢને કી ભી જરૂરત નહીં પડતી, સામને આકે મિલતે હૈ!

આવી જ રીતે હીસ્ટેરેકટોમિનાં ઓપરેશનો જરાય ઘટ્યાં નથી, ઉલટાં વધ્યાં છે, ખૂબ ખૂબ વધ્યાં છે.

OXFORD REGIONAL HEALTH AUTHORITYએ છ જુદા જુદા ડિસ્ટ્રીક્ટસમાં કરેલા સર્વેક્ષણમાં જણાયું કે:

***Quote:***

Endometrium ablation has simply created a new niche for surgeons. The number of Hysterectomies performed has remained constant since before the procedure was introduced

**Ref:** THE LANCET 1994;344;1367

અનુવાદની જરૂર નથી.

## ખરાબ ખબરેં કુછ ઔર ભી હૈ

સ્ત્રીની સમગ્ર જાતિ સાથે યુગો યુગોથી સંકળાયેલી એક બીમારી જેનું નામ દેશ-વિદેશે, ઘર ઘરમાં જાણીતું અને અણમાનીતું છે. હીસ્ટીરિયા HYSTERIA અને HYSTERECTOMY વચ્ચે શું સંબંધ છે? એ આપણે આ પુસ્તક પૂરું કરતાં પહેલાં જાણી જ લઈશું - પરંતુ એ પહેલા એના જ સમર્થનવાળી આ મેડિકલ માહિતી મેળવી લઈએ.

***Quote:***

Two year's after the TCRE procedure, four healthy women who had had the treatment for heavy periods went on to develop ENCEPHALOPATHY OR INFLAMMATION OF THE BRAIN, and ONE DIED AFTER SUFFERING FROM SEIZURES.

This conditions were caused by the IRRIGATING SOLUTION which is continuously infused into the uterus to wash away debris and tissue during the LASER TREATMENT. In the case of these four women, enough of the solution was apparently absorbed to cause ENCEPHALITIS

Ref : JOURNAL OF AMERICAN MEDICAL ASSN 1993; 270 (10) 1230-2

*ભાવાનુવાદ:*

*TCRE ગર્ભાશયની થેલીની અંદરની ત્વચાને ખોતરી ખોતરીને કાઢવાની કસરત કરાવ્યાના બે વર્ષ બાદ ચાર સ્ત્રીઓને મગજમાં સોજા આવવાની બીમારીનાં લક્ષણો દેખાવાં લાગ્યાં. આ ચારમાંથી એકને તો એટલી બધી આંકડી, ફીટસ, તાણ આવવા લાગી કે એ (મગજની નસો તૂટી જવાથી) મરી ગઈ.*



ગર્ભાશયની ભિતરની માંસલ ત્વચાને લેસર ટ્રીટમેન્ટ દ્વારા જ્યારે ખોતરી ખોતરીને સાફ કરવાની કસરત ચાલતી હોય છે ત્યારે એક બાજુથી આ ખોતરેલ માંસના ટુકડા, લોહી, નસો ઈત્યાદિ કચરો સતત ધોઈને બહાર કાઢતા રહેવું પડે છે જે માટે સતત એક ધોવાનું પ્રવાહી ગર્ભાશયમાં ફુવારાની માફક છોડવું પડે છે જે પેલા ખોતરેલા કચરાને ઉસેડીને બહાર ફેંકે અને વધુ ખોતરકામ કરવાનું સરળ બને.

નિષ્ણાતોનું માનવું છે કે આવી રીતે દવાવાળું ધોવાનું પ્રવાહી પેલી સ્ત્રીઓના શરીરમાં ચુસાઈને મગજ સુધી પહોંચી ગયું હોવાથી એમના મગજ પર અકારણ અજુગતો સોજો આવવાથી, મગજની સમતુલા ખોરવાઈ જવાથી એને ફીટ આંકડી આવી હોય અને આ પ્રક્રિયા લાંબો સમય ચાલવાને કારણે સુઝેલા મગજની નસ ખેંચાઈને તૂટી જવાથી એનું મૃત્યું થયું હોય.

> શરીરના બધા જ અવયવો સાથે મળીને કાર્ય કરે છે એટલે જ આપણે જીવીએ છીએ. કોઈપણ અવયવ કાઢવાથી આપણે જીવીશું એમ કહેવાવાળો એક નંબરનો ધૂતારો છે અને એની વાત માનવા વાળો છેલ્લી પાટલીનો બેવકૂફ છે.

# એમને ખબર છે,
# તમને ખબર છે?

આખા શરીરમાં જરા જેટલું પણ વાગે છે, દબાય છે, ચીપાય છે, કપાય છે, ખેંચાય છે, ત્યારે ખૂબ દર્દ મહેસુસ થાય છે. જેટલું વધુ નુકસાન એટલી વધુ યાતના અને ફરી પાછા સ્વસ્થ થવાનો સમય પણ ઈજાના પ્રમાણમાં વધુ.

આ તો થઈ શરીરના જીવંત ભાગોની વાત. જે શરીરના મૃત કોષોમાંથી બને છે, તેવા વાળ કે નખ પણ ખેંચાય, વાંકાચુકા કપાય, નખ ધાર્યા કરતાં એક વાળ જેટલો વધુ કપાય, તો આંગળીને બે દા'ડા પોપટની માફક પાળવી પડે છે.

તો પછી? તો પછી સુવ્યસ્થિત રીતે ગોઠવાયેલા શરીરના અન્ય અણુએ અણુ સાથે તાલમાં તાલ મિલાવી જીવતાં અંગ, ઉપાંગો, ગ્રંથિઓ કે અવયવોને શરીરની અદ્દભુત રચનામાંથી કાપીને છૂટાં પાડીને, શરીરની બહાર કાઢીને કચરાની ટોપલીમાં ફેંકી શી રીતે દેવાય?

એટલું જ નહીં તમને બેશરમ રીતે એમ કહેવામાં આવે છે 'આમ કરવાથી તમારું ભલું થશે અથવા આમ નહીં કરો તો મરી જશો' એ બકવાસ તમે આંખ અક્કલ બંધ કરી માની શી રીતે લ્યો છો? આમ ક્યા વિજ્ઞાનને આધારે કહેવામાં આવે છે એ તમને ખબર છે?

હવે જરા આ વાત પણ જાણી લ્યો, કારણ? આ વાત એમને ખબર છે, પણ ભૂલમાં પણ તમને ખબર પડી જાય તો ચોલી કે પીછે ક્યા હૈ? કે ચુનરી કે નીચે ક્યા હૈ? – સબ પતા લગ જાતા હૈ...



'શરીરનું બહારનું કે અંદરનું કોઈ પણ અંગ કાપીને એટલા માટે ફેંકી દેવામાં આવે છે, કારણકે આવું કરવા છતાં દર્દી મરી જતો નથી (અને એક આજીવન દર્દી પેદા થઈ જાય છે)

હાથ, પગ, ટૉન્સિલ્સ, લીરીન્કસ, ફેફસું, થાયરોઈડ, ગોલબ્લેડર, પેન્ક્રિયાઝ, એપેન્ડીક્સ, ગર્ભાશય, ઓવરી, પ્રોસ્ટેટ, કીડની લાખ્ખો કરોડો અબજોના હિસાબે કાપીને ફેંકી દેવામાં આવે છે (આમાંનો ભૂલમાંય કોઈ ડૉક્ટર હોવાનું તમે જોયું છે?)

આવા બધાજ દર્દીઓ જીવે છે, રિબાઈ રિબાઈને દવાઓ ખાઈને, લાચાર, નિઃસહાય થઈને જીવે છે. આખી જિંદગીની કમાઈ ઓછી પડે છે તો ઉધાર, ઉછીના, ભીખ માંગીને કે બૈરીના દાગીના, ઘર બાર અરે છોકરાં વેચીને ગોર બાપાઓના તરભાણાં ભરે છે.

**દુનિયાના બધા જ જીવો ONE TIME, ONE PIECE મરે છે. માનવી જ શા માટે રોજે રોજ ક્ષણે ક્ષણ રિબાઈ રિબાઈને ટુકડે ટુકડે મરતો હશે?**

> *માનવી પોતાના શરીરને સુખેથી જીવાડવા માટે જેટલો ખર્ચ કરે છે એનાથી અનેક ઘણો વધારે ખર્ચ પોતાના શરીરને રીબાવી રીબાવીને મારવા માટે શા માટે કરતો હશે?*

# HRT કૌભાંડ-1

HORMONE REPLACEMENT THERAPY

મહોરા પાછળના ચહેરા

મેડિકલ શાસ્ત્ર CAUSE OF DEATHની કોલમ ભરવા જેટલા તમાશા, ભવાડા કે ભવાઈઓ કરે છે એમાંનો એક અંશ પણ CAUSE OF BIRTH જાણવા કેમ નથી કરતું?

આખી સૃષ્ટિના જીવોનું CAUSE OF DEATH જે છે, તે THEY DIE BECAUSE THEY ARE BORN માનવી નામના તુચ્છ જંતુને કેમ લાગુ નથી પાડવામાં આવતું?

સીધી વાત છે.

પછી મારવાના જન્મસિદ્ધ અધિકાર એમના હાથમાંથી છીનવાઈ જાય ને?

બાળા ૧૧થી ૧૩ વર્ષની થાય, એ ક્ષણેથી જ તે માતૃત્વ ધારણ કરવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

એના માસિક ધર્મની શરૂઆત જ એ એક સાવ નવા જીવનનું સર્જન કરવા સમર્થ છે એની છડી પોકારે છે અને આ પરિસ્થિતિ લાવવા માટે એટલે કે એક સાવ નિર્દોષ બાળામાંથી સંપૂર્ણ સ્ત્રી બનવાની ક્રિયામાં એને કોઈની સલાહની, મદદની, ડખલની કે ચમચાગીરીની જરૂરત પડતી જ નથી. બધું જ એની મેળે જ થાય છે.

બરાબર આજ નિયમ પણ એનું માસિક બંધ થવાનો સમય આવે છે ત્યારે લાગુ પડે જ છે.



શરૂઆતના વર્ષથી ચાલીસેક વર્ષો પછીની એક ક્ષણ એને સર્જનિકામાંથી વિસર્જનિકા બનાવી રહી છે, આ પણ એક એટલી જ પવિત્ર ક્ષણ છે, જે શરૂઆતની હતી અને જેમ શરૂઆતમાં એને કોઈની ચમચાગીરીની આવશ્યકતા ન હતી તેમ આ ક્ષણે પણ, રિપિટ આ વિસર્જનની ક્ષણે પણ, એને કોઈ આલિયા, માલિયા કે ફૂટકલીઆની મદદની, સલાહની, ડખલની કે ચમચાગીરીની જરૂર નથી નથી, નથી નથી નથી ને નથી જ.

પરંતુ આપણે ભાવાવેશમાં હકીકતોનું વિસ્મરણ નથી કરવું.

જે હોર્મોન્સ એક નાજુક નમણી બાલિકાને એક સર્વાંગ સંપૂર્ણ સર્જનિકા બનાવે છે, એજ હોર્મોન્સનું કાર્ય હવે પૂરું થવાથી કુદરતી રીતે જ એના શરીરમાં એનું પ્રમાણ ઓછું થવા લાગે છે.

બરાબર આ જ નાજુક ક્ષણની રાહ જોઈને બેઠેલા પેલા તકસાધુઓ ચિપિયા ખખડાવતા બમ્બોલા બમ્ભોલાના નારા લગાવવાના શરૂ કરી દે છે.

અરે? અમે બેઠા છીએ ત્યાં સુધી તમારાં હોર્મોન્સ અમને પૂછ્યા વિના ઓછાં થાય જ કેમ? ચાલો જલ્દી કરો તમારા ખૂટતાં હોર્મોન્સ અમે ભરપાઈ કરી દઈશું.

ફીર શુરુ હોતા હૈ, ઔર એક કૌભાંડ,

જીસકા નામ હૈ HRT કૌભાંડ.

# HRT કૌભાંડ-2

આખું મેડિકલ શાસ્ત્ર ફક્ત નોર્મલ વેલ્યુઝ "NORMAL VALUES"ના નામ પર ચરી ખાય છે અને આ નોર્મલ વેલ્યુઝ કઈ ચીજની ક્યારે, ક્યા માનવીમાં કેટલી હોય તો નોર્મલ કહેવાય એ વાત કદાપિ ક્યાંય પણ સર્વાનુમતે કે આધારભૂત રીતે સિદ્ધ થઈ જ નથી.

એટલે એક જમાનામાં બંદરોના વૃષણમાંથી ટેસ્ટોસ્ટેરોન નામના હોર્મોન બનાવી આખી દુનિયાના સેક્સભૂખ્યા આદમીઓને આ કહેવાતા વૈજ્ઞાનિકોએ છલાંગ મારતા બંદરો બનાવી દીધા હતા, એમ આજે જેમનાં હોર્મોન્સ હવે કુદરતી રીતે એમનું કાર્ય પૂર્ણ થયું હોવાથી ઓછાં થાય છે, એમને આ એક મહાભયંકર બીમારી છે અને તમારાં ઓછા થતાં હોર્મોન્સને અમારાં બનાવટી હોર્મોન્સથી ભરપાઈ નહીં કરો તો? તો? તો?

આવો, જેના તમાશા માટે હજાર પાના લખીએ તો પણ ઓછા પડે તેવા HRTની FRT કરી જ નાખીએ.

HRTમાં આપવામાં આવતાં હોર્મોન્સનાં નામો:

ARTIFICIAL-બનાવટી-SYNTHETIC OESTROGEN કોકવાર ગર્ભવતી ઘોડીના પેશાબમાંથી બનાવવામાં આવે છે.

પ્રકાર : ૧. ગોળીઓ, ૨. ક્રીમ-મલમ, ૩. PATCH IMPLANT - શરીરની ચામડીની નીચે ફીટ કરવામાં આવે - દર ૧૫ દિવસે બદલવું પડે.

પોકળ-વાહિયાત-ભય ઊભો કરનારા દાવાઓ 'નહીં લ્યો તો, હાર્ટએટેક આવશે, હાડકાં કમજોર થશે, મગજ સડી જશે ઈ.ઈ.ઈ.ઈ.ઈઈઈઈ

**Ref.:** TIMES 11 Nov. 1994



HRT આડઅસરોની ભરમાર

૧. G. I. TROUBLES - પાચનક્રિયા ખોરવાઈ જાય

૨. Nausea - ઉબકા આવે

૩. Vomitting - ઉલટી થાય

૪. Abdominal Cramps - પેટમાં ચૂંક-આંકડી આવે

૫. Bed Wetting - પથારીમાં પેશાબ થઈ જાય

૬. Jaundice - કમળો થાય

૭. Blistering - શરીર પર ફોલ્લા ઉપસે

૮. Hyperaemia - શરીરના અમુક ભાગોમાં રક્તનો પ્રવાહ ધસમસતો થાય. ખાસ કરીને પ્રજનન અવયવોમાં.

૯. Discolouration of Skin - ચામડીનો રંગ બદલાઈ જાય

૧૦. Addiction - આદત પડી જાય

૧૧. Return of menopause Symptoms - મેનોપોઝનાં શમી ગયેલા વિકારો પાછા ઉપસી આવે.

**Ref.:** British Journal of Obst. & Gynaec. 1990;97:917-21

<u>HRTથી સ્ત્રીને છાતીનું, ગર્ભાશયનું, ઓવરીનું, સર્વિક્સનું અથવા શરીરના કોઈ પણ અન્ય ભાગમાં કેન્સર થઈ શકે છે.</u>

***Quote:***

However almost every study to date about HRT suggests a significant CANCER RISK. The only

thing disputed is exactly HOW-SUBSTANTIAL THE RISK IS

**Ref:** W.D.D.T.Y P.171.

***Quote:***

Ordinarily the body's Pituitary glands and ovaries work in exquisite tandem, constantly adjusting oestrogen levels to fit the body's need of the moment, like a car set on an automatic gear.

***By: Dr. Ellen Grant,***

Author of Sexual Chemistry & A biiter pill. Dr. Grant is a long time critic of HRT and Pill.

*ડોક્ટરી વ્યવસાયને વફાદાર અને ઈમાનદાર આવા સજ્જનો જ્યાં સુધી અસ્તિત્વમાં છે ત્યાં સુધી ડોક્ટર શબ્દને માન અને ઈજ્જતની નજરે જોવામાં આવશે.*



## હું રસ્તે રઝળતી વારતા...

Kingsteignton શહેરની એક અભાગણ જેનીની આ કહાણી આખી દુનિયાની મેનોપોઝમાં સારવાર લઈને બરબાદ થતી બધી જ નારીઓને એક સરખી લાગુ પાડી શકાય.

HRTની કહેવાતી ચમત્કારિક સારવારના થોડાક જ સમય બાદ જેનીની છાતીમાં એક ગાંઠ દેખાઈ.

આ ગાંઠની LUMPECTOMY-કાપકૂપ કરી એને લેબોરેટરીમાં તપાસ કરવા મોકલી આપી અને રિપોર્ટમાં આવ્યું કે 'ગાંઠ કેન્સરની હતી.'

ફક્ત બે અઠવાડિયાની અંદર જેનીની આખી છાતી - સ્તન કાપી નાખવામાં આવ્યું અને એ જ વેળાએ એમ એલાન પણ કરવામાં આવ્યું કે:

'અમે ગાંઠ કાઢી, આખું સ્તન કાઢ્યું, પરંતુ કેન્સર તો તારી બગલમાં આવેલી લીમ્ફ નોડ્સ Lymph Nodesમાં પણ છે, અમારે તો એ પણ કાઢવી જ પડશે.

બેસહાય, લાચાર બિચારી જેનીએ, એ પણ કઢાવી જ નાખી. ચાલો આ દુષ્ટાત્માઓ હવે તો મારો પીછો છોડશે... એમ સમજીને.

ના. એમ આટલી સહેલાઈથી હાથમાં ફસાયેલી બકરીને આ કસાઈઓ છોડે તે બીજા - નિષ્ણાતો નહીં.

'હવે તને લાઈટો-રેડિયો થેરેપી આપવી પડશે નહીં તો કેન્સર તારા આખા શરીરમાં ફેલાઈ જશે.'

શુરુ હો ગયા રેડિયેશન કા બોમ્બાર્ડીંગ.

કીધર?

છાતી અને બગલમાંજ નહીં એના ગર્ભાશય પર, ઓવરી ગ્રંથિઓ પર, પછી?

પછી કીમોથેરેપી શું કામ બાકી રહી જાય? આખરે અમારું વિજ્ઞાન આટલું બધું આગળ વધ્યું છે કોના માટે?

આટલાં બધા ધમપછાડા અને તમાશા પછી જેનીની છાતી કાઢી નાખવામાં આવી હતી ત્યાં અસહ્ય દુઃખાવો શરૂ થયો.

રેડિયેશનને લીધે એના જ્ઞાનતંતુઓ, ભયાનક રીતે ડેમેજ થયાં હતાં અને આટલુંય ઓછું પડતું હોય તેમ હવે પેલું રોકડિયો ધંધો કરાવી આપનારું કેન્સર બિચ્ચારી જેનીના બાકી રહી ગયેલા લીવરમાં પણ પ્રવેશી ચૂક્યું હતું.

અત્યારે આ તિસ્મારખાંઓ જેનીના લીવરને કીમોથેરેપીની ટ્રીટમેન્ટ આપી રહ્યાં છે.

જેનીની ઉંમર ફક્ત ૪૫ વર્ષની છે.

એને એક અઢાર અને બીજી એકવીસ વર્ષની એમ બે વ્હાલસોયી દીકરીઓ છે.

જેની એના મોતને ચીસો પાડી પાડીને પુકારી રહી છે.

આખી દુનિયાની આવી જેનીઓ ચિલ્લાવી ચિલ્લાવીને એક ભડકે બળતો સવાલ પૂછે છે?

<u>'જેનીને **HRT** આપીને કેન્સર પેદા કરનાર પેલા હરામખોરોને કોઈએ કશું પણ કેમ ના કહ્યું? કશું કેમ ના કર્યું?'</u>

<u>'અરે આવી કેટલીય નિર્દોષ જેનીઓને રિબાવી રિબાવીને મારનારાઓ, આજની તારીખમાં પણ હજુ કેમ અટકતા નથી?'</u>

<u>જવાબ મળશે એવી બેવકૂફી ભરી માન્યતા રાખશો મા.</u>



*નવમે વર્ષથી સ્ત્રીના શરીરમાં થતા હોર્મોનલ ફેરફારોને કારણે એની કમર અને છાતીનો ભાગ માતૃત્વ ધારણ કરવા યોગ્ય બને છે.*

*આ જ હોર્મોન્સ એને ગર્ભધારણ કરવા અને ગર્ભનો ઉછેર કરવાની ક્ષમતા અર્પે છે.*

*સ્ત્રીના માસિક ધર્મની શરૂઆતથી વધતા હોર્મોન્સ એને મેનોપોઝ આવે ત્યાં સુધીમાં જરૂરત પ્રમાણે, આપમેળે કોઈની પણ મદદ વિના વધે છે અને ઘટે છે.*

*આ એક કુદરતની આપમેળે થતી અદ્ભૂત, અલૌકિક અને દૈવી ક્રિયા છે.*

*ભાવાનુવાદ:*

**Ref:** The Body.
A Life science Library publication.

*આ જ સનાતન સત્ય, હૈ,*
*બાકી સબ મહા બકવાસ હૈ!!*